અગ્નિકાંડ, નકલી પનીર, લેટરકાંડ, ખ્યાતિ હોસ્પિટલ વિગેરે મુદ્દે વિપક્ષ આક્રમક

આવતીકાલથી ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર: ૨૦મી ફેબ્રુઆરીના કનુભાઈ દેસાઈ રજૂ કરશે બજેટ

અમદાવાદ તા. ૧૮: આવતીકાલથી વિધાનસભા સત્ર શરૂ થશે અને ગુરૂવારે બજેટ રજૂ થશે. કોંગ્રેસ આક્રમક છે. ખ્યાતિ હોસ્પિટલ, અમરેલીનો લેટર કાંડ, નકલી પનીર ફેક્ટરી, રાજકોટનો અગ્નિકાંડ, કર્મચારીઓની ફરજિયાત નિવૃત્તિ વગેરે મુદ્દે ગૃહ ગાજવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

ગુજરાત વિધાનસભાના બજેટ સત્રનો આવતીકાલે તા. ૧૯ બુધવારે પ્રારંભ થઈ રહ્યો છે. સત્ર માર્ચ ઉત્તરાર્ધ સુધી ચાલશે. પ્રથમ દિવસે શોકદર્શક ઠરાવ અને રાજ્યપાલનું પ્રવચન થશે. બજેટ સત્રની રણનીતિ ઘડવા બન્ને પક્ષો કોંગ્રેસ-ભાજપે પોતાના ધારાસભ્યોની બેઠક બોલાવી છે.

સત્રના બીજા દિવસે ગુરૂવારે બપોરે રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈ સતત ચોથી વખત બજેટ રજૂ કરશે. કોંગી ધારાસભ્યોએ અમરેલીના લેટરકાંડ, રાજકોટના ગેમઝોન અગ્નિકાંડની ફાઈલો, અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલનું પ્રકરણ, નકલી પનીર ફેક્ટરી વગેરે બાબતે પ્રશ્નને પૂછ્યા છે. આ મુદ્દે વિધાનસભા ગાજે તેવા એંધાણ છે.

ભાજપના ધારાસભ્યોએ વિકાસ કામોને લગતા પ્રશ્નો પૂછ્યા છે. ગૃહમાં ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી વગેરેના સભ્યો ચૂંટાયેલા છે. વિધાનસભા ભવન બહાર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

વિધાનસભાની વેબસાઈટમાં દર્શાવ્યા મુજબ ધારાસભ્ય અમીત શાહનું સને ૨૦૨૩ નું વિધેયક ક્રમાંક ૯-સન ૨૦૨૩ નું ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુદ્ધિકરણ) વિધેયક. સભ્ય પુનમચંદ બરંડાનું સન ૨૦૨૩ નું વિધેયક ક્રમાંક-૮ સન ૨૦૨૩ નું ગુજરાત જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક. સભ્ય ઈમરાન ખેડાવાલાનું સન ૨૦૨૩ નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક, અને સન ૨૦૨૩ નું વિધેયક ક્રમાંક ૫ સન ૨૦૨૩ નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદિલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ (રદ કરવા) બાબત વિધેયક તથા સન ૨૦૨૩ નું વિધેયક ક્રમાંક ૧૩ સન ૨૦૨૩ નું વિધેયક ક્રમાંક ૧૩ સન ૨૦૨૩ નું ગુજરાત બેરોજગારોને બેરોજગારી ભથ્થું ચૂકવવા બાબત વિધેયક. વગેરે બિન સરકારી પ્રસ્તાવો પણ રજૂ થનાર છે.

રાજ્ય સફાઈકર્મી મહામંડળની રજુઆત

રાજ્યની ન.પા.ના સફાઈકર્મીઓને મહેકમ ખર્ચની મર્યાદામાંથી મુક્ત કરો

ખંભાળિયા તા. ૧૮: ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ગુજરાત રાજ્ય સફાઈ કામદાર મહામંડળના પ્રમુખશ્રી કસ્તુરભાઈ મકવાણા તથા મહામંત્રી રમેશ વાઘેલા દ્વારા રાજ્યની નગરપાલિકાઓમાં ફરજ બજાવતા સફાઈ કામદારોને મહેકમ ખર્ચની મર્યાદાના દાયરામાંથી મુક્તિ આપવા વિસ્તૃત રજૂઆતો કરી છે.

રજૂઆતમાં મહત્ત્વનો મુદ્દો લેવાયો છે કે રાજ્યની નગર પાલિકાઓમાં મહેસુલી આવક તથા પગાર ભત્યા વિષયક ગ્રાંટની કુલ આવક સામે કર્મચારીઓનું પગારખર્ચ ૪૮ ટકાથી વધવુ ના જોઈએ તે નિયમ છે.

પાલિકાઓમાં તમામ કર્મીના પગારો સાથે ફરજીયાત સેવાના સફાઈ કર્મીના પગાર પણ મહેકમ ખર્ચમાં લેવાતા મહેકમ ખર્ચની ટકાવારી ઉંચી થઈ જાય છે. આને કારણે સફાઈ કામદારોની જગ્યાની ભરતી, ઉચ્ચતર પગાર ધોરણ વિ. મળી શકતા નથી.

આ નિયમો જ્યારે પાલિકાઓ પર રાજ્ય સરકારનું નિયંત્રણના હતું અને આડેધડ ખર્ચાઓ અને ભરતીઓ સ્થાનિક તંત્ર દ્વારા થતી ત્યારે થયું હતું. ૨૦૦૧થી રાજ્યની પાલિકાઓમાં ચીફ ઓફિસર, ઈજનેર, એકાઉન્ટન્ટ જેવી મહત્ત્વની જગ્યાઓ કોમન કેડરમાં ફેરવાતા હાલ રાજ્યની પાલિકાઓ સરકારના સંપૂર્ણ નિયંત્રણમાં છે.

સોના ચાંદીના ભાવ

૧૦૦ ગ્રામ શુધ્ધ સોનું (બિસ્કિટ)	8,86,150
૨૨ કેરેટ દાગીના (૧૦ ગ્રામ)	79,750
૧૮-કેરેટ દાગીના (૧૦ ગ્રામ)	68,200
ચાંદી-૯૯૯ (૧ કીલો)	97,500

જેલહવાલે કરી દેવાનો અદાલતનો આદેશ:

જામીનની શરતનો ભંગ કરનાર હત્યા પ્રયાસના આરોપીના જામીન થયા રદ્દ

જામનગર તા.૧૮ : જામનગરના એક શખ્સને પૂર્વ પત્ની પર જીવલેણ હુમલાના કેસમાં અદાલતે ફરિયાદીની જુબાની ન થાય ત્યાં સુધી જિલ્લામાં ન આવવાની શરતે જામીન આપ્યા હતા. આરોપી દ્વારા જામીનની શરતનો ભંગ કરાતા અદાલતે તેના જામીન રદ્દ કરી જેલમાં ધકેલ્યો છે.

જામનગરના રેશ્માબેન અબાઅહેમદ ગફલા નામના મહિલા તથા તેમના ભાભી અને પુત્ર ગઈ તા.૧-૩-૨૪-ના દિને જી.જી. હોસ્પિટલમાં સારવાર મેળવવા આવ્યા હતા. ત્યાંથી પરત ફરતી વખતે જેની સાથે છૂટાછેડા થયા હતા તે પૂર્વ પતિ ઈમરાન મળી જતા તેણે ડખ્ખો શરૂ કર્યો હતો.

આ શખ્સે ગાળો ભાંડી રેશ્માબેન પર છરીથી હુમલો કરી ઈજા પહોંચાડી હતી. આ મહિલાને ફરીથી હોસ્પિટલમાં સારવાર લેવી પડી હતી. તેણીની ફરિયાદ પરથી પોલીસે હત્યા પ્રયાસ સહિતની કલમો હેઠળ ગુન્હો નોંધી આરોપી ઈમરાન આમદ દલની ધરપકડ કરી જેલહવાલે કર્યો હતો.

આ આરોપીએ કરેલી જામીન અરજી અદાલતે જિલ્લા હદમાં ન પ્રવેશવાની શરતે મંજૂર કરી હતી. તે પછી ઈમરાન શરતનો ભંગ કરી જામનગરમાં આવ્યો હોવાની વિગત ઉપરોક્ત ફરિયાદના પગલે બહાર આવી હતી. તે જામીન રદ્દ કરાવવા રેશ્માબેને અદાલતમાં અરજી કરતા અદાલતે આરોપીના જામીન રદ્દ કર્યા છે અને જેલહવાલે કર્યો છે. ફરિયાદી તરફથી વકીલ શ્યામ રાજદેવ, અલ્ફાઝ મુંદ્રા, ડીજીપી જમન ભંડેરી રોકાયા હતા.

ચિરવિદાય

જામનગર નિવાસી વિસા શ્રીમાળી સોની પ્રભુલાલ લક્ષ્મીદાસ ગુસાણી (એડવોકેટ), તે રંજનબેનના પતિ, કૌશિકભાઈ પી. ગુસાણી તથા મયુરભાઈ પી. ગુસાણી (શ્યામ સુંદર જ્વેલર્સ) ના પિતા, જુઈ કૌશિક ગુસાણી તથા શ્યામ મયુર ગુસાણીના દાદા તા. ૧૮-૦૨-૨૦૨૫, (મંગળવાર) ના શ્રીજીચરણ પામેલ છે. સદ્ગતનું ઉઠમણું આવતીકાલ તા. ૧૯-૨-૨૦૨૫ (બુધવાર) ના સાંજે ૪:૦૦ થી ૪.૩૦ વાગ્યા દરમિયાન ભાઈઓ તથા બહેનો માટે પાબારી હોલ, તળાવની પાળ, જામનગરમાં રાખેલ છે.

જામનગર: હરેશ રમાનાથ ધોળકિયા (રિટાયર્ડ રેલવે સી.ટી.આઈ., જામનગર) તે પારૂલ ધોળકીયા (વૈદ્ય-ભુજ) ના પતિ, તપન (યુકો બેંક) તથા કાજલ હાર્દિક બુચ (જુનાગઢ ડિસ્ટ્રિક્ટ કોર્ટ) ના પિતા, હાર્દિક સુધીરભાઈ બુચ (એક્સિસ બેંક) તથા ડૉ. યેશા તપન ધોળકીયાના સસરાનું અવસાન થયું છે. સદ્ગતની પ્રાર્થનાસભા - બેસણું તા. ૧૯-૨-૨૦૨૫, બુધવારના સાંજે ૫ થી ૬ વાગ્યા દરમિયાન શ્રી નર્મદેશ્વર મહાદેવ મંદિર, પંચવટી, જામનગરમાં રાખવામાં આવ્યું છે.

જામનગર નિવાસી (મૂળ જોધપર-ઝાલા ગામના વતની) ચા.મ. મોઢ બ્રાહ્મણ રમણીકલાલ કાનજીભાઈ પંડ્યા (ઉ.વ. ૮૪), તે જીજ્ઞેશ રમણીકલાલ પંડ્યા (તમન્ના આર્ટ સ્ટુડિયો), હંસાબેન (જેતપુર), ભાવનાબેન (રાજકોટ), અંજનાબેન (જામનગર) ના પિતા તથા સ્વ. ખેલશંકર, સ્વ. જેઠાલાલ, સ્વ. ચીમનભાઈ, સ્વ. જયશંકર, પ્રવિણભાઈ પી. પંડ્યા, મનહરભાઈ પી. પંડ્યાના ભાઈ તથા મહેશભાઈ દવે (જેતપુર), રશ્મિકાન્ત જોષી (આર.એન.એસ.બી - રાજકોટ), જગદીશભાઈ જાની (એર ફોર્સ, જામનગર) ના સસરાનું તા. ૧૭-૨-૨૦૨૫ ના અવસાન થયેલ છે. સદ્ગતનું ઉઠમણું તા. ૨૦-૨-૨૦૨૫, ગુરૂવારના સાંજે ૪.૩૦ થી ૫.૩૦ વાગ્યા દરમિયાન કંચનવાડી, (ચા.મ. મોઢ બ્રાહ્મણ જ્ઞાતિ) પટેલ કોલોની, શેરી નં. ૯ ના છેડે શાંતિનગર, જામનગરમાં રાખવામાં આવ્યું છે.

રાજકોટ: ચંપકલાલ નેમચંદભાઈ મહેતા, તે વિમળાબેનના પતિ તથા ભાવીન અને વર્ષાબેનના પિતા તેમજ સ્વ. ચંદુલાલ નેમચંદ મહેતા, ભાનુબેન, કનુબેન, મેનાબેનના ભાઈ તથા રિનાબેન મયુરકુમારના સસરા તેમજ પલક, ધન્વીના દાદા અને ભવ્યના નાનાનું તા. ૧૭ ના અવસાન થયું છે. સદ્ગતનું ઉઠમણું તા. ૨૦-૨-૨૦૨૫ ના સવારે ૧૦ વાગ્યે પેસિફિક સ્ટાર (કોમ્યુનિટી હોલ), ફાયરબ્રિગેડ રોડ, બીપીસીએલ પેટ્રોલપંપ સામે, રેલનગર, રાજકોટમાં રાખવામાં આવ્યું છે.

-:: જાહેર નોટીસ ::-

આથી સર્વેને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, જામનગર જીલ્લાના, લાલપુર તાલુકાના મોજે :વેરાવળ મોટી ગામના ખાતા નં.૫૮૦ થી નોંધાયેલ નવા રે.સ.નં.૫૧૪(જુના રે.સ.નં.૨૨૪/પૈકી-૨), જેનું ક્ષેત્રફળ હેકટર ૧-૯૧-૨૩ આરે ચો.મી., જે જમીન "પાટકો" નામથી ઓળખાય છે. આ ખેતીની જમીન ગીરધર કાનજીની સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટાની આવેલ છે.

હાલના માલિક ગીરધર કાનજીએ સદરહુ મિલકત ઉપર બેંક ઓફ ઇન્ડિયા, જામનગર શાખામાંથી પાક ધિરાણ મેળવેલ છે અને તે પાક ધિરાણ વ્યાજ સહીત સંપૂર્ણ રીતે ભરપાઈ કરવાની શરતે અમારા અસીલે ખરીદ કરવા સોદો કરેલ છે અને અવેજ પેઢીની રકમ ચુકવેલ છે.

ઉપરોકત વેંચાણ વ્યવહાર અન્વયે બેંક ઓફ ઇન્ડિયા, જામનગર સિવાય કોઈપણ વ્યકિત, સંસ્થા કે બેંક કે કોઈને પણ કોઈપણ જાતનો વાંધો, તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૬(૭)માં આધાર-પુરાવા સાથે લેખિતમાં જાણ કરશો. જો નિયત સમય મર્યાદામાં કોઈ વાંધા-તકરાર ન મળે કોઈને કોઈપણ જાતનો વાંધો-તકરાર નથી, અથવા તો છે તો તે વેઇવ કરેલ છે તેમ માની અમારા અસીલ પોતાના જોગનો રજી.વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે, અને ત્યારબાદ આવેલ કોઈપણ જાતના વાંધા-તકરાર અમારા અસીલના હક્ક વિરુધ્ધ માન્ય રહેશે નહીં, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ: જામનગર — હસમુખ એમ. મોલિયા, એડવોકેટ
તારીખ: ૧૮-૦૧-૨૦૨૫ — તે અમારા અસીલની સૂચનાથી

:: અમારા મારફત ::
હસમુખ એમ. મોલીયા
કૌશિક આર. ગધેથરીયા
વૈભવ એચ. પ્રાગડા (એડવોકેટ્સ)
ઓફિસ નં.૫૦૧, પાંચમો માળ, સિદ્ધિ વિનાયક પ્લાઝા, મયુર મેડિકલ સામે, સુમેર ક્લબ રોડ, જામનગર :: મો.૯૪૨૮૩ ૩૬૬૪૮-૯૯૭૯૫ ૩૨૯૭૨

-:: જાહેર નોટીસ ::-

આથી સર્વેને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, જામનગર જીલ્લાના, લાલપુર તાલુકાના મોજે :વેરાવળ મોટી ગામના ખાતા નં.૧૩૦ થી નોંધાયેલ નવા રે.સ.નં. ૫૧૫(જુના રે.સ.નં.૨૨૪/પૈકી-૧), જેનું ક્ષેત્રફળ હેકટર ૦-૮૨-૬૬ આરે ચો.મી., જે જમીન "પાટકો" નામથી ઓળખાય છે. આ ખેતીની જમીન કાના ભગાની સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટાની આવેલ છે.

હાલના માલિક કાના ભગાએ સદરહુ મિલકત ઉપર સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક, સાઝના કોલોની શાખા, જામનગરમાંથી પાક ધિરાણ મેળવેલ છે અને તે પાક ધિરાણ વ્યાજ સહીત સંપૂર્ણ રીતે ભરપાઈ કરવાની શરતે અમારા અસીલે ખરીદ કરવા સોદો કરેલ છે અને અવેજ પેઢીની રકમ ચુકવેલ છે.

ઉપરોકત વેંચાણ વ્યવહાર અન્વયે સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક, સાઝના કોલોની શાખા, જામનગર સિવાય કોઈપણ વ્યકિત, સંસ્થા કે બેંક કે કોઈને પણ કોઈપણ જાતનો વાંધો, તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૬(૭)માં આધાર-પુરાવા સાથે લેખિતમાં જાણ કરશો. જો નિયત સમય મર્યાદામાં કોઈ વાંધા-તકરાર ન મળે કોઈને કોઈપણ જાતનો વાંધો-તકરાર નથી, અથવા તો છે તો તે વેઇવ કરેલ છે તેમ માની અમારા અસીલ પોતાના જોગનો રજી.વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે, અને ત્યારબાદ આવેલ કોઈપણ જાતના વાંધા-તકરાર અમારા અસીલના હક્ક વિરુધ્ધ માન્ય રહેશે નહીં, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ: જામનગર — હસમુખ એમ. મોલિયા, એડવોકેટ
તારીખ: ૧૮-૦૧-૨૦૨૫ — તે અમારા અસીલની સૂચનાથી

:: અમારા મારફત ::
હસમુખ એમ. મોલીયા
કૌશિક આર. ગધેથરીયા
વૈભવ એચ. પ્રાગડા (એડવોકેટ્સ)
ઓફિસ નં.૫૦૧, પાંચમો માળ, સિદ્ધિ વિનાયક પ્લાઝા, મયુર મેડિકલ સામે, સુમેર ક્લબ રોડ, જામનગર :: મો.૯૪૨૮૩ ૩૬૬૪૮-૯૯૭૯૫ ૩૨૯૭૨

-:: જાહેર નોટીસ ::-

આથી સર્વેને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, જામનગર જીલ્લાના, લાલપુર તાલુકાના મોજે :વેરાવળ મોટી ગામના ખાતા નં.૫૮૧ થી નોંધાયેલ નવા રે.સ.નં. ૫૧૩(જુના રે.સ.નં.૨૨૪/પૈકી-૩), જેનું ક્ષેત્રફળ હેકટર ૧-૯૧-૨૩ આરે ચો.મી., જે જમીન "પાટકો" નામથી ઓળખાય છે. આ ખેતીની જમીન મગન કાનજીની સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટાની આવેલ છે.

હાલના માલિક મગન કાનજીએ સદરહુ મિલકત ઉપર એચ.ડી.એફ.સી.બેંક, લાલપુર શાખા, જી.જામનગરમાંથી લોન મેળવેલ છે અને તે લોન વ્યાજ સહીત સંપૂર્ણ રીતે ભરપાઈ કરવાની શરતે અમારા અસીલે ખરીદ કરવા સોદો કરેલ છે અને અવેજ પેઢીની રકમ ચુકવેલ છે.

ઉપરોકત વેંચાણ વ્યવહાર અન્વયે એચ.ડી.એફ.સી.બેંક, લાલપુર શાખા, જી.જામનગર સિવાય કોઈપણ વ્યકિત, સંસ્થા કે બેંક કે કોઈને પણ કોઈપણ જાતનો વાંધો, તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૬(૭)માં આધાર-પુરાવા સાથે લેખિતમાં જાણ કરશો. જો નિયત સમય મર્યાદામાં કોઈ વાંધા-તકરાર ન મળે કોઈને કોઈપણ જાતનો વાંધો-તકરાર નથી, અથવા તો છે તો તે વેઇવ કરેલ છે તેમ માની અમારા અસીલ પોતાના જોગનો રજી.વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે, અને ત્યારબાદ આવેલ કોઈપણ જાતના વાંધા-તકરાર અમારા અસીલના હક્ક વિરુધ્ધ માન્ય રહેશે નહીં, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ: જામનગર — હસમુખ એમ. મોલિયા, એડવોકેટ
તારીખ: ૧૮-૦૧-૨૦૨૫ — તે અમારા અસીલની સૂચનાથી

:: અમારા મારફત ::
હસમુખ એમ. મોલીયા
કૌશિક આર. ગધેથરીયા
વૈભવ એચ. પ્રાગડા (એડવોકેટ્સ)
ઓફિસ નં.૫૦૧, પાંચમો માળ, સિદ્ધિ વિનાયક પ્લાઝા, મયુર મેડિકલ સામે, સુમેર ક્લબ રોડ, જામનગર :: મો.૯૪૨૮૩ ૩૬૬૪૮-૯૯૭૯૫ ૩૨૯૭૨

હાલારની ૬ માંથી ૫...

પ્રથમ પૃષ્ઠથી ચાલુ...

૧૦૮૬ મત મેળવ્યા હતાં, જ્યારે વોર્ડમાં એક બેઠક બિનહરિફ જાહેર થઈ હતી.

વોર્ડ નં. ૩ મા ભારતીય જનતા પાર્ટીના દયાબેન રમેશભાઈ જાપડાએ ૧૧૫૦ મત, લક્ષ્મીબેન ધીરૂભાઈ ફળદુએ ૧૨૦૨ મત, ઈતેજ (હીતેશ) ગીરધરભાઈ તાળાએ ૧૧૬૨ મત તથા કોંગ્રેસના ઉમેદવાર પરસોત્તમભાઈ મગનભાઈ હિરપરા ૧૨૩૯ મત મેળવીને વિજેતા થયા હતાં.

વોર્ડ નં. ૪ મા ભાજપના ચારેય ઉમેદવારો વિજેતા થયા હતાં, જેમાં મલિબેન દુદાભાઈ મકવાણાએ ૧૧૭૮ મત, રંજનબેન પ્રફુલભાઈ રાખોલિયાએ ૧૧૨૪ મત, ફીરોજભાઈ હુસેનભાઈ હેરજીએ ૧૧૮૮ મત અને બાદલ વિનોદરાય મહેતાએ ૧૨૧૬ મત મેળવ્યા હતાં.

વોર્ડ નં. પાંચમા ભગવો લહેરાયો હતો જેમાં નજમાબેન જાહીરભાઈ સમાએ ૧૨૫૭ મત, રૂખસારબાનુ સિકંદરમીયા કાદરીએ ૧૩૧૦ મત, અયાજભાઈ અબ્દુલ-રજાકભાઈ વંચરાએ ૧૪૯૦ મત અને સદામ ગફારભાઈ બારાડીએ ૧૪૫૫ મત અંકે કર્યા હતાં.

વોર્ડ નં. ૬ ની વાત કરીએ તો ત્રણ બેઠક પર બીજેપી તો એક બેઠક પર કોંગ્રેસ મેળવી હતી, જેમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોમાં મીનાબેન રાજેશભાઈ ખંભાયતાએ ૭૮૪, સુરેશભાઈ રામભાઈ સોલંકીએ ૮૭૭ મત અને જયેશભાઈ ભોજાભાઈ વિરાણીએ ૯૮૭ મત તથા કોંગ્રેસના ઉમેદવાર ફાલ્ગુનીબેન મેહુલકુમાર સોજિત્રા ૮૯૦ મત સાથે વિજેતા થયા હતાં.

વોર્ડ નં. ૭ મા ભાજપની પેનલ વિજેતા બની હતી જેમાં વિજેતા ઉમેદવાર બાલુબેન પોપટભાઈ મકવાણાએ ૮૭૯ મત, મંજુલાબેન વિનોદભાઈ કપૂરિયાએ ૯૫૯ મત, જીતેન્દ્રકુમાર ડાયાભાઈ બગડાએ ૯૧૪ મત તથા રમેશભાઈ મોહનભાઈ દોંગાએ ૯૬૪ મત મેળવ્યા હતાં.

દ્વારકા નગરપાલિકા

ધર્મ નગરી દ્વારકામાં નગરપાલિકાની ચૂંટણીમાં તમામ ૨૮ બેઠકો ભાજપે કબજે કરતા હરિફ પક્ષના સુપડા સાફ થયા છે.

દ્વારકા નગરપાલિકાના સાત વોર્ડની ૨૮ બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી. જેમાં તમામ ૨૮ બેઠકો ભાજપને મળતા ફરી એક વખત ભાજપએ સત્તાનું સૂકાન સંભાળ્યું છે.

ધારાસભ્ય પબુભા માણેક, અગ્રણી રમેશભાઈ હેરમા, વિજયભાઈ બુજડ, મોહનભાઈ બારાઈ, યુવરાજસિંહ વાઢેર, જ્યોતિબેન સામાણી, જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી, રવિભાઈ બારાઈ વગેરેએ ભાજપના જ્વલંત વિજય માટે ભારે જહેમત ઉઠાવી હતી.

જામજોધપુરમાં ૨૮માંથી ૨૭ બેઠક ભાજપને: ૧ આમ આદમી પાર્ટીને મળી

જામજોધપુર નગર-પાલિકાની ૨૮ બેઠકો માટેની ચૂંટણી યોજાયા પછી આજે મતગણતરી હાથ ધરવામાં આવતા અહિં ભાજપનો ભગવો લહેરાયો છે.

જામજોધપુર નગર-પાલિકાના સાત વોર્ડની ૨૮ બેઠકોની ચૂંટણીમાં ભાજપને ૨૭ બેઠક મળી છે, જ્યારે એક બેઠક વોર્ડ નં. ૭ માં આમ આદમી પાર્ટીને મળી છે.

ધ્રોળમાં ૭ માંથી ૬ વોર્ડની ૨૪ બેઠક પર ચૂંટણી યોજવામાં આવી હતી. જેમાં ૧૫ બેઠક પર ભાજપનો અને ૮ બેઠકો પર કોંગ્રેસનો વિજય થયો હતો. જ્યારે ૧ બેઠક પર અપક્ષના ઉમેદવારનો વિજય થયો હતો. અત્રે ઉલ્લેખનિય છે કે, વોર્ડ નં. ૭ ના કોંગ્રેસના ઉમેદવારનું મૃત્યુ થતા આ વોર્ડની ચૂંટણી રદ્દ કરવામાં આવી હતી.

વોર્ડ નં. ૧ મા ભાજપની પેનલ વિજેતા બની હતી. જેમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર મંજુબેન કારાભાઈ વરૂએ ૬૫૫ મત, બાલુબેન રવિકુમાર વાઘેલાએ ૭૦૭ મત, વિજયભાઈ ટપુભાઈ વાઘેલાએ ૮૮૬ મત અને જીજ્ઞેશ રમેશ રાઠોડે ૬૫૯ મત મેળવ્યા હતાં.

વોર્ડ નં. બે મા ભાજપના ત્રણ તો કોંગ્રેસના ૧ ઉમેદવારનો વિજય થયો હતો. જેમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર મંગુબેન નરસીભાઈ ચાવડાએ ૭૮૯ મત, જયશ્રીબેન મનસુખભાઈ પરમારે ૯૫૫ મત, રણછોડ પોપટભાઈ પરમારે ૮૮૨ મત અને કોંગ્રેસના ઉમેદવાર અનિલકુમાર લાલજીભાઈ પરમારે ૯૩૬ મત પ્રાપ્ત કર્યા હતાં.

વોર્ડ નં. ૩ મા કોંગ્રેસે ૩ બેઠક અને બીજેપીએ ૧ બેઠક મેળવી હતી, જેમાં કોંગ્રેસના જબુનબેન જુસબભાઈ દલએ ૯૪૩ મત, કલ્પેશ બાલકૃષ્ણભાઈ હડિયલએ ૧૫૨૧ મત, ધર્મરાજસિંહ મુળરાજસિંહ જાડેજાએ ૧૦૪૫ મત, ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ગાયત્રીબા દિનેશસિંહ ગોહિલે ૯૬૭ મત મેળવ્યા હતાં.

વોર્ડ નં. ૪ મા ભારતીય જનતા પાર્ટીની પેનલનો વિજય થયો હતો જેમાં મેરાજબાનુ એઝાદભાઈ સોલંકીએ ૮૬૩ મત, નીતાબેન સીંધાભાઈ વરૂએ ૮૧૭ મત, સુરેશજી રેવાજી ગોસાઈએ ૭૭૨ મત અને મો. સલીમ મો. યુસુફ હાસમાણીએ ૭૦૯ મત મેળવ્યા હતાં.

વોર્ડ નં. પાંચમા કોંગ્રેસની પેનલનો વિજય થયો છે. જેમાં ગીતાબેન જીતેન્દ્ર ચૌહાણએ ૯૬૬ મત, શહેનાઝ સલીમભાઈ નાગાણીએ ૯૫૩ મત, મહમદઅદનાન અમીનભાઈ ઝરૂએ ૧૦૯૩ મત અને ફારૂકભાઈ અજીજભાઈ વીરાણીએ ૧૦૬૨ મત પ્રાપ્ત કર્યા હતાં.

વોર્ડ નં. ૬ મા ભાજપે ત્રણ અને અપક્ષે ૧ બેઠક પ્રાપ્ત કરી છે. જેમાં ભાજપના ઉમેદવાર ભારતીબેન જયસુખભાઈ ગડારાએ ૧૨૫૨ મત, રંજનાબેન ગોવિંદભાઈ દલસાણિયાએ ૯૩૨ મત, તુષારભાઈ કાંતિભાઈ ભાલોડિયાએ ૧૦૭૭ મત તથા અપક્ષના હિતેષ મનસુખભાઈ ભોજાણીએ ૧૧૦૮ મત મેળવ્યા હતાં.

શેરબજાર

બપોરે ૨-૦૦ વાગ્યે

	NSE	BSE
ઈન્ડેક્ષ	૨૨૮૯૬	૭૫૮૭૨
રિલાયન્સ	૧૨૨૦	૧૨૨૧
એસબીઆઈ	૭૨૩	૭૨૪
ટીસ્કો	૧૩૧	૧૩૨
ઓએનજીસી	૨૩૧	૨૩૨
એસીસી	૧૮૫૦	૧૮૬૦
ટેલ્કો	૬૭૩	૬૭૪
ઈન્ફોસીસ	૧૮૪૪	૧૮૪૫
ઝી ટીવી	૯૫	૯૬
ટીસીએસ	૩૮૮૧	૩૮૮૨
એલ એન્ડ ટી	૩૨૨૭	૩૨૨૮
મારૂતી	૧૨૭૯૪	૧૨૭૯૫
એક્સીસ બેંક	૯૯૧	૯૯૨
બેંક નિફ્ટી	૪૯૦૬૧	૪૯૪૬૦

સૌજન્ય: ઉપેશ વોરા - મારૂતિ ઈન્વેસ્ટમેન્ટ

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની

પ્રથમ પૃષ્ઠથી ચાલુ...

કુતિયાણામાં સપાએ ૧૪ બેઠકો પર વિજય સાથે બહુમતિનો આંકડો પાર કરી લીધો છે.

જેતપુર નગરપાલિકાની ૪૪ બેઠકમાંથી ૨૩ બેઠક ઉપર ભાજપની જીત થઈ છે. જેતપુર પાલિકાના ૧૧ વોર્ડમાંથી ૨૩ બેઠક ભાજપને મળી છે. આ સિવાય ૮ બેઠક અપક્ષને મળી છે, જ્યારે ૧ બેઠક કોંગ્રેસને મળી.

આણંદની બોરિયાવી પાલિકાના વોર્ડ નંબર ૫માં કોંગ્રેસના ઉમેદવાર દ્વારા રિકાઉન્ટિંગની માંગ કરવામાં આવી હતી. જો કે, રિકાઉન્ટિંગ સમયે વીજળી ડુલ થતાં મતગણતરી ટૂક સમય માટે અટકી છે.

પંચમહાલના હાલોલ નગર પાલિકાની તમામ ૩૬ બેઠકો પર ભાજપની જીત થઈ છે. હાલોલ નગર પાલિકામાં કુલ ૯ વોર્ડની ૩૬ બેઠકો હતી. જેમાંથી ૨૧ બેઠક પર ભાજપ પહેલાંથી જ બિનહરીફ જાહેર થઈ ચુકયું હતું. ૧૫ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં તમામ બેઠકો પર ભાજપનો પરચમ લહેરાયો છે. આ સિવાય કોંગ્રેસ પોતાનું ખાતું પણ ખોલાવી નથી શકી.

સાણંદ નગર પાલિકામાં ૨૮ બેઠકમાંથી ભાજપે ૧૬ બેઠકો પર જીત હાંસલ કરી બહુમતનો આંકડો પાર કર્યો છે. નોંધનીય છે કે, કોંગ્રેસ હજુ સુધી ખાતુ પણ નથી ખોલાવી શકી.

ભાવનગર જિલ્લાના તળાજામાં કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો. અહીં રિકાઉન્ટિંગમાં પણ ભાજપ જીતી ગયો છે. જ્યારે ઘાંઘા નગરપાલિકાના વોર્ડ નંબર ૧ પર યોજાયેલી પેટાચૂંટણીમાં ભાજપ ઉમેદવાર અમરાભાઈ હાડગડા જીતી ગયા છે.

જિલ્લાપંચાયતોની તમામ નવ બેઠકો પર ભાજપ

ગુજરાત સ્થાનિક સ્વરાજની ચૂંટણી સાથે ૯ જિલ્લા પંચાયતની પેટા ચૂંટણી પણ યોજવામાં આવી હતી. જેમાં તમામે તમામ નવ બેઠકો પર ભાજપની જીત થઈ છે. ભાજપે ગાંધીનગર (હાલીસા), ભરૂચ (આછોદ), દાહોદ (પિપેરો), ડાંગ (કડમાળ), અમદાવાદ (અસલાલી), અમદાવાદ (કોઠ), બોટાદ (પાળીયાદ) બેઠકો પર વિજય હાંસલ કરી છે.

અમરેલી જિલ્લાની જાફરાબાદ નગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસના સૂપડા સાફ થઈ ગયા છે. નોંધનીય છે કે, ૨૮ બેઠકમાંથી ૧૬ બેઠક પર ભાજપ પહેલાંથી જ બિનહરીફ જાહેર થયું હતું અને આજે અન્ય